**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ગિફ્ટ સીટી,
ગાંધીનગર ૩૮૨૩૫૫-ગુજરાત, ફોન ૨૩૬૦૨૦૦૦-૦૭૯ :

## અધિકૃત ટેન્ડર

પ્રતિ,

.............................................................

.............................................................

.............................................................

| | |
|---|---|
| કામનો પ્રકાર | જીઇઆરસી, ગાંધીનગર ખાતે કચેરી સ્ટાફ માટે અમદાવાદ થી ગિફ્ટ સીટી ગાંધીનગર તેમજ ગાંધીનગર થી ગિફ્ટ સીટી જવા-આવવા માટે તેમજ કચેરી સમય દરમ્યાન કચેરી ઉપયોગ માટે વાતાનુંકુલિત, જીપીઆરએસની સેવાઓ સાથે E-Vehicle અથવા CNG Vehicle (GoG Approved) અથવા Diesel કાર ભાડાની ગાડી બાબત. |
| અંદાજીત કિંમત | Rs. ૬૫,00,000.00 |
| ઇ. એમ. ડી. | Rs. ૬૫,000.00 |
| અનામત રકમ | Rs. ૩,૨૫,000.00 |
| ટેન્ડર પહોંચતાં કરવાની તારીખ | તારીખ :0૬/0૧/૨0૨૨, ૫.30 કલાકે સાંજે |
| ટેન્ડર ખોલવાની તારીખ – | તારીખ:૧0/0૧/૨0૨૨, 3.30 કલાક બપોર જીઇઆરસી કચેરી ખાતે |
| ટેન્ડરનો પ્રકાર | આઇટમ રેટ |
| ટેન્ડર ફી | Rs.૫000.00 (નોન-રીફંડેબલ રોકડેથી) |
| સમય મર્યાદા | ૨ વર્ષ |

1. ગુમાસ્તા ધારા હેઠળ નું રજીસ્ટ્રેશન, MSME Registration (ત્રણ વર્ષથી વધુ) , પ્રાઇવેટ લીમીટેડ કે લીમીટેડ કંપની જો હોય તો મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસિએશન, જીએસટી રજીસ્ટ્રેશન, પાન કાર્ડ, છેલ્લા ત્રણ વર્ષના હિસાબી સરવૈયા, નફા નુકશાન સાથે તેના બિડાણો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત કરેલ હોય તે સાથે રજૂ કરવાના રહેશે.

2. સમયગાળો આવરી લેતો વીમા પ્રમાણપત્ર/પોલીસી, આજ તારીખ સુધી ચૂકવેલ કર સાથે નોંધણી પ્રમાણપત્ર પુસ્તક, રોડ પરમિટ, કોન્ટ્રાક્ટ કેરેજ પરમિટ, માવજત પ્રમાણપત્ર, ટેક્સી પરમિટ, વાહન ભાડે સંબંધિત અન્ય કોઈપણ સંબંધિત દસ્તાવેજો, જેમ કે ડ્રાઈવર લાઈસન્સ, માલિકી વગેરે માટે સોગંદનામું.

3. ઇ.એમ.ડી માટે ડિમાન્ડ ડ્રાફટ કોઇપણ શિડ્યુલ બેંકનો "ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન, ગાંધીનગર" ના નામે, મોકલવાનો રહેશે. ચેક કે બેંક ગેરંટી સ્વીકારમાં આવશે નહિં. સફળ થયેલ ઠેકેદારને વર્ક ઓર્ડર ઇશ્યુ થયા બાદ અન્ય તમામ ઠેકેદારને ઇ.એમ.ડી. અસલ પાવતી રજૂ કર્યેથી પરત કરવામાં આવશે. ઇ.એમ.ડી ની રકમ પર વ્યાજ મળવા પાત્ર નથી.
4. રસ ધરાવનાર ઠેકેદાર આ સાથે સામેલ **પત્રક "અ"** માં પોતાના ભાવો ભરવાના રહેશે. અધુરું કે છેકછાક વાળુ ટેન્ડર સ્વીકારવા માં આવશે નહિં અને **પત્રક "બ"** ની તમામ સૂચનાઓ વાંચી અને સમજી છે તે બાબતના સહિં-સિક્કા કરી ટેન્ડર સાથે પરત આપવાનું રહેશે.
5. ટેન્ડર સીલબંધ કવરમાં માત્ર સ્પીડ પોસ્ટ અથવા રજીસ્ટર્ડ પોસ્ટ એડી. થી જ સ્વીકારવા માં આવશે.
6. ટેન્ડર ફી રોકડ માં અત્રેની કચેરીએ જમા કરવાથી ટેન્ડરની નકલ આપવામાં આવશે. પાન કાર્ડ અને જીએસટી રજીસ્ટ્રેશન નંબર વિના ટેન્ડર આપવામાં આવશે નહીં.
7. તમારે ૨૪ કલાક માટે કચેરીની જયારે અને ત્યારે જરૂરિયાત મુજબ વાહનો પૂરા પાડવાના રહેશે અને નક્કી કરેલ ફૂલ કિલોમીટરની મર્યાદામાં પુરું પાડવાનું રહેશે.
8. કોઇપણ શરતવાળું કે અધુરું ભરેલું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં.
9. ટેન્ડરના કવર ઉપર **"ભાડા પર વાહનો આપવા બાબત"** લખવું,
10. કોઇપણ કારણ આપ્યા સિવાય બધાજ ટેન્ડર સ્વીકારવા કે ન સ્વીકારવા તે બાબતનો અધિકાર આયોગને અબાધિત રહેશે તથા ઠેકેદાર અન્ય જગ્યાએથી બ્લેક લિસ્ટ થયેલ હોય અથવા તેના દ્વારા આપવામાં આવેલ સેવાઓ સંતોષકારક હોવા અંગેનું પ્રમાણપત્ર ટેન્ડર ડોક્યુમેન્ટમાં રજૂ કરેલ અથવા સામેલ નહીં હોય તો તે ટેન્ડર અધુરું છે એમ માની ને તે ટેન્ડર ગણતરીમાં લેવામાં આવશે નહીં અને તે ટેન્ડર રદ ગણવામાં આવશે તેની નોંધ ઠેકેદાર દ્વારા લેવાની રહેશે.
11. ટેન્ડર ડૉક્યુમેન્ટ રસ ધરાવનાર પાર્ટીઓના માત્ર અભ્યાસ અર્થે જી.ઇ.આર.સી વેબસાઇટ www.gercin.org પર મૂકેલ છે. વેબસાઇટ પરથી ડાઉનલોડ કરેલ ટેન્ડરમાં ભરેલા ભાવો સ્વીકારવા પાત્ર નથી.

**Sd/-**
**નિયામક (વહીવટ અને હિસાબ)**
**જી.ઇ.આર.સી, ગાંધીનગર**

માત્ર અભ્યાસ અર્થે

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ગિફ્ટ સીટી,
ગાંધીનગર ૩૮૨૩૫૫-ગુજરાત, ફોન ૨૩૬૦૨૦૦૦-૦૭૯ :

**પત્રક: "અ"**

| | |
|---|---|
| **કામનો પ્રકાર:** | જીઇઆરસી, ગાંધીનગર ખાતે કચેરી સ્ટાફ માટે અમદાવાદ થી ગિફ્ટ સીટી ગાંધીનગર તેમજ ગાંધીનગર થી ગિફ્ટ સીટી જવા-આવવા માટે તેમજ કચેરી સમય દરમ્યાન કચેરી ઉપયોગ માટે વાતાનુંકુલિત, જીપીઆરએસની સેવાઓ સાથે E-Vehicle અથવા CNG Vehicle (GoG -RTO Approved) અથવા Diesel કાર ભાડાની ગાડી બાબત. |

| અનુ. નં. | અંદાજીત સ્ટાફ રૂટ ચાર્ટ (કુલ ૮ વાહન) |
|---|---|
| **૧.** | ઇસનપુર – બાપુનગર – નરોડા – ગિફ્ટ સીટી (૩) |
| **૨.** | ગુલબાઇ ટેકરા – પાલડી – રિવરફ્રન્ટ – ગિફ્ટ સીટી (૩) |
| **૩.** | એસજી હાઇવે – વસ્ત્રાપુર – ગોતા – ગિફ્ટસીટી (૩) |
| **૪.** | શાસ્ત્રીનગર – રાણીપ – સાબરમતી – ગિફ્ટસીટી (૩) |
| **૫.** | ગોદરેજ સીટી – ડી'કેબીન – મોટેરા – ગિફ્ટસીટી (૪) |
| **૬.** | થર્મલ પાવર સ્ટેશન – સેક્ટર-૨૭ – સેક્ટર-૧૪ – સેક્ટર-૨ડી – ગિફ્ટસીટી (૪) |
| **૭.** | સરગાસણ – ગિફ્ટ સીટી (૪) |
| **૮.** | સેક્ટર-૨૨ આનંદ વાટિકા -ગાંધીનગર -ગિફ્ટસીટી (૧) |

| | | |
|---|---|---|
| વાહનનો પ્રકાર: | **સ્વિફ્ટ ડિઝાયર કે તેના જેવી જ ૩ + ૧ = ૪ બેઠક વ્યવસ્થા ધરાવતું વાહન (એક સરખા ઇંધણનો પ્રકાર)** | |
| ઉપયોગ ની સીમા: | માસિક ૨૪૦૦ કિ.મી તથા કુલ ૩૦૦ કલાક (દરરોજના અંદાજીત ૧૧ કલાક) (કૂલ ૧૯૨૦૦ કિલોમીટરની મર્યાદામાં) | |
| **ઇંધણનો પ્રકાર** | **વધારાના કિ.મી. માટેનો ભાવ:** | **વધારાના સમયનો ભાવ:** |
| ડીઝલ | રૂ. ......../- પ્રતિ કિ.મી | રૂ. ૧૫૦/- પ્રતિ કલાક |
| સીએનજી | રૂ. ......../- પ્રતિ કિ.મી | રૂ. ૧૫૦/- પ્રતિ કલાક |
| ઇલેક્ટ્રિક | રૂ. ......../- પ્રતિ કિ.મી | રૂ. ૧૫૦/- પ્રતિ કલાક |
| વાહનનો દર માસિક ભાવ રૂ. (ટેક્ષ અલગ) | રૂ.................................... (પ્રતિ વાહન દીઠ)<br>શબ્દમાં રૂ. | |

આ પત્રકમાં ભાવો લાગુ પડતા ટેક્ષ વગરના ભરવાના રહેશે. ટેક્ષ સમયાંત્તરે લાગુ પડે એ મુજબ ચુકવવામાં આવશે. તેમજ ઉપરોક્ત ભાવ ડીઝલ/પેટ્રોલ/સીએનજી/ઇલેક્ટ્રિક, ઓઇલ, વાહન મરામત, ડ્રાઇવર ખર્ચ, ડ્રાઇવર ભથ્થા, આર.ટી.ઓ ટેક્ષ, પરમીટ ચાર્જ વિગેરે સાથેનો રહેશે.

ટેન્ડર ફી રૂ. ૫૦૦૦/- રસીદ નં............................તા......................(ઝેરોક્ષ નકલ સામેલ કરવી)
ઇ.એમ.ડી રૂ. ૬૫૦૦૦/-રસીદ નં..........................તા..................... (ઝેરોક્ષ નકલ સામેલ કરવી)

# પત્રક- "બ"

**જીઇઆરસી, ગાંધીનગર ખાતે કચેરી સ્ટાફ માટે અમદાવાદથી ગિફ્ટ સીટી ગાંધીનગર તેમજ ગાંધીનગર લોકલ થી ગિફ્ટ સીટી જવા-આવવા માટે ઉપરાંત કચેરી સમય દરમ્યાન ઉપયોગ માટે વાતાનુંકુલિત, જીપીએસ ટ્રેકીંગની સેવાઓ સાથે E-Vehicle અથવા CNG Vehicle (GoG -RTO Approved) અથવા Diesel કાર ભાડાની આઠ વાહનો પૂરા પાડવા માટેના નિયમો અને શરતો:-**

| | |
|---|---|
| ૧. | પસંદ પામેલ ઠેકેદારે સેવાઓ આપવા અંગેનો કરાર કરવાનો રહેશે. આ નોટોરીયલ સમજૂતી કરાર રૂ.300/- ના સ્ટેમ્પ પેપર ઉપર ઓર્ડરનો અમલ થયા પહેલા કરવાનો રહેશે. |
| ૨. | પસંદ પામેલ ઠેકેદારે રૂ.૩,૨૫,000/- અનામત રકમ તરીકે ભરવાની રહેશે. ઠેકેદાર દ્વારા અપાયેલ રૂ.૬૫,000/- ઇએમડીને સરભર કરતાં બાકીની રકમ રૂ.૨,૬૦,000/- ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા એનઇએફટી અથવા આરટીજીએસ દ્વારા ભરવાની રહેશે. આ અનામત રકમ/સિક્યુરિટી ડિપોઝીટ ઉપર કોઇ જ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર રહેશે નહિં.<br><br>1. ડિમાન્ડ ડ્રાફ્ટ કોઇપણ શિડ્યુલ બેંકનો ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન, ગાંધીનગરના નામનો અમારી હિસાબી શાખામાં ભરવાનો રહેશે, ત્યારબાદ જ આ કામનો વર્ક ઓર્ડર ઇશ્યુ કરવામાં આવશે. જો ઠેકેદાર કામ અધુરૂં છોડશે અગર દર્શાવેલ શરતોનો ભંગ કરશે તો ભરેલ ડિપોઝીટ જપ્ત થવાને પાત્ર છે.<br><br>2. અનામતની રકમ/સિક્યુરિટી ડિપોઝીટ કોન્ટ્રાકટ સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ વહીવટી શાખા તરફથી ના-વાંધા પ્રમાણપત્ર મળ્યા બાદ પરત કરવામાં આવશે.<br><br>3. ડિમાન્ડ ડ્રાફ્ટ, આરટીજીએસ, એનઇએફટી કરવા માટે બેંકની વિગત નીચે મુજબ છે.<br>Beneficiary Name: Gujarat Electricity Regulatory Commission<br>Bank Name: CANARA Bank, Gift City Branch, Gandhinagar 382355<br>Saving Bank Account No.: 70102150000041<br>IFSC Code: CNRB0017083 |
| 3. | ઠેકેદાર દ્વારા ભાડા પર મૂકવાના વાહનો ઠેકેદાર ના તાબા હેઠળના જ હોવા જોઇએ, ભાડે મુકવામાં આવનાર વાહનો ડિસેમ્બર-૨૦૨૧ થી જુના ન હોવા જોઇએ. સેવાના કરારના સમયગાળા દરમ્યાન વાહનો અન્ય કોઇ જગ્યાએ વાપરવામાં આવે નહિં તે બાહેંધરી આપવાની રહેશે.<br><br>**<u>વાહન સંબધિત દસ્તાવેજો</u>**:: વાહન મરામત ખર્ચની તમામ જવાબદારી ઠેકેદારના શીરે રહેશે. ટેક્ષી/મેક્ષી પાસીંગ ઓછામાં ઓછું આર.ટી.ઓ ના નિયમ મુજબનું હોવું જોઇશે. તથા આર.સી બુક, રોડ પરમીટ, વાહનનો વીમો, ટેક્સની પાવતી, ટેક્ષી/મેક્ષી પાસીંગ, પીયુસી સર્ટી, તથા ભાડાના વાહનના જરૂરી તમામ દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કરવાના રહેશે. ગુમાસ્તા ધારા હેઠળનું |

| | |
|---|---|
| | રજીસ્ટ્રેશન, MSME Registration (ત્રણ વર્ષથી વધુ), પ્રાઇવેટ લીમીટેડ કે લીમીટેડ કંપની જો હોય તો મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસિએશન, જીએસટી રજીસ્ટ્રેશન, પાન કાર્ડ, છેલ્લા ત્રણ વર્ષના હિસાબી સરવૈયા, નફા નુકશાન સાથે તેના બિડાણો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત કરેલ હોય તે સાથે રજૂ કરવાના રહેશે, તેમજ સમયગાળો આવરી લેતો વીમા પ્રમાણપત્ર/પોલીસી, આજ તારીખ સુધી ચૂકવેલ કર સાથે નોંધણી પ્રમાણપત્ર પુસ્તક, રોડ પરમિટ, કોન્ટ્રાક્ટ કેરેજ પરમિટ, માવજત પ્રમાણપત્ર, ટેક્સી પરમિટ, વાહન ભાડે સંબંધિત અન્ય કોઈપણ સંબંધિત દસ્તાવેજો, જેમ કે ડ્રાઈવર લાઈસન્સ, માલિકી વગેરે માટે સોગંદનામું.<br><br>સરકાર દ્વારા રચિત નિયમ નો ભંગ, ઉલ્લંઘન અથવા વૈધાનિક નિયમો, નિયમો વગેરેનું પાલન ન કરવા માટે કોઈપણ સ્થાનિક સંસ્થા સહિત કોઈપણ સત્તા, રાજ્ય અથવા કેન્દ્રીય સત્તાવાળાઓ દ્વારા લાદવામાં આવે તો કોઈ પણ દંડ અથવા દંડ માટે ઠેકેદાર પોતે જવાબદાર રહેશે. પોલીસ ખાતા મારફત થી જે કંઇ કાનૂની કાર્યવાહી થાય તેની બધીજ જવાબદારી ઠેકેદારને શીરે રહેશે. ટેક્ષી પરમીટ અને સંપૂર્ણ (કોમ્પ્રીહેન્સીવ) વીમો અત્યંત જરૂરી છે.<br><br>**શ્રમ કાયદા સંબધિત:** ઉપર જણાવેલ કચેરી કામ દરમિયાન તમારા દ્વારા રોકાયેલ ડ્રાઇવરો માટે તમારે શ્રમ કાયદાઓ, લાઈસન્સ, ચુકવણીઓ, વીમા, જવાબદારીઓ, પેન્શન યોજના, ભવિષ્ય નિધિ, રજા સુવિધાઓ, અકસ્માત ના કારણે વળતર વગેરેનું ચુસ્ત પણે પાલન ઠેકેદાર દ્વારા કરવું પડશે. |
| ૪. | સરકાર શ્રી દ્વારા નકકી કરેલ આરટીઓના નિયમો અનુસાર ગાડી **"ઓન રોડ"** હોવી જરૂરી છે તથા તેને લગતા તમામ ટેક્ષ અને ગાડી સંબધિત તમામ વીમા ની રકમ વગેરે ભરેલા હોવા જોઇએ તે ભરવા અંગેની સઘળી જવાબદારી ઠેકેદારની રહેશે. |
| ૫. | ઠેકેદારે કોમ્પ્રીહેન્સીવ સહિત ત્રાહિત વ્યક્તિનો સંપૂર્ણ વીમો લેવાનો રહેશે અને વીમા લીધાની નકલ કરાર કરતી વખતે રજૂ કરવાની રહેશે. વખતો વખત વીમા પોલીસી પૂર્ણ થયેથી નવી પોલીસીની નકલ કચેરીમાં રજૂ કરવાની જવાબદારી ઠેકેદારની રહેશે. વિમાને લગતા તમામ ખર્ચાઓની જવાબદારી ઠેકેદારની રહેશે. |
| ૬. | વાહન માટે જરૂરી ડીઝલ/સીએનજી/ચાર્જીંગ સ્ટેશન, ઓઇલ, સ્પેરપાર્ટ કે મરામત માટેનાં સઘળાં ખર્ચની જવાબદારી ઠેકેદારની રહેશે. |
| ૭. | રોડ ઉપર વાહન ચલાવવાનો રોડ ટેક્ષ વાહન માલિકે જ ભરવાનો રહેશે. |
| ૮. | કચેરીના કામકાજના પ્રવાસ દરમ્યાન જરૂર પડે થી ટોલ ટેક્ષ/બ્રિજ ટેક્ષ વાહન માલિકે જ ભરવાનો રહેશે અને તેની ઓરીજનલ પાવતી બિલ સાથે રજુ કરવાથી મજરે આપવામાં આવશે. |

| | |
|---|---|
| ૯. | ગાડીનો ડ્રાઇવર અનુભવી તથા જરૂરી લાઈસન્સ અને ભાડાની ગાડી ચલાવવા માટેનો બેઝ ધરાવતો હોવો જોઇએ. ડ્રાઇવર જે તે વિસ્તારના રસ્તાઓનો જાણકાર હોવો જોઇએ, તેની ઉંમર ૪૫ વર્ષ થી વધુ ન હોવી જોઇએ તથા તે વિનમ્ર, સ્વચ્છ, સુઘડ, સારા ફરજિયાત ગણવેશના પોષાકમાં, શિસ્તનું પાલન કરવાવાળા, નમ્ર અને નમ્રતાથી સદભાવ પૂર્ણ વ્યવહાર રાખનાર, નશાયુક્ત પદાર્થ, પાન-મસાલા, ધુમ્રપાનનું સેવન ના કરતો, મેડિકલ ફિટનેસ ધરાવતો તેમજ કોઇપણ જાતનો ગુનાહિત રેકર્ડ ધરાવતો ના હોવો જોઇએ. વાહન માલિક દ્વારા ગાડી ડ્રાઇવરને ઓછામાં ઓછું ઇન્કમીંગ સેવા ચાલુ હોય તેવો મોબાઇલ ફોન આપવાનો રહેશે, સદર નંબર બદલવો પડે તેમ હોય તો વાહન માલિક દ્વારા તુરત જ નવો નંબર જણાવવાનો રહેશે. ઉપરાંત ડ્રાઇવરની ફેરબદલ થાય તો ડ્રાઇવર સંબધિત જરૂરી લાઈસન્સ કચેરીની વહીવટી શાખાને વિના-વિલંબે રજૂ કરવાનું રહેશે. કોન્ટ્રાક્ટરે ડ્રાઇવરનું નામ/હોદ્દો/સરનામું/મોબાઇલ નંબર અને અધિકારીના રેકોર્ડ માટે લાઈસન્સની વિગતો ફેરબદલ થયેથી ત્વરાએ વહીવટી શાખાને રજૂ કરવાની રહેશે. ડ્રાઇવરના પગાર, ભથ્થા તેમજ તેના રહેવા જમવાની વ્યવસ્થા ઠેકેદારની જ રહેશે. ડ્રાઇવરને મુસાફરી દરમિયાન ડીઝલ/સીએનજી/ઇલેક્ટ્રિક વાહન ચાર્જીંગ ની કિંમત, સમારકામ અને આકસ્મિક ખર્ચને આવરી લેવા માટે પૂરતા પૈસા પૂરા પાડવાની જવાબદારી ઠેકેદારની રહેશે. |
| ૧૦. | ઠેકેદારની ગાડી અધિકૃત અધિકારીની સુચના મળે ત્યારે ગાડી માંગે ત્યારે અને તેટલા સમય માટે આપવાની રહેશે, તેમજ કચેરી કામકાજ માટે મોડેથી રોકાવાનું થાય તેમજ જાહેર રજા, તહેવારના દિવસે પણ જરૂર પડશે તો તે દિવસે પણ ગાડી આપવાની રહેશે. વાહનના શરૂઆતના કિ.મી. પ્રથમ અધિકારી/કર્મચારી કે કચેરી દ્વારા સુચવેલ જગ્યાએથી ગણવાના રહેશે અને એ પ્રમાણે સફરના અંતના કિ.મી. વાહનને છોડયા ત્યારના ગણવાના રહેશે. |
| ૧૧. | ઠેકેદારે વાહન ઉપર **"ઓન ડ્યુટી વીથ જીઇઆરસી"** વંચાય તે રીતે લખવાનું રહેશે. ગાડી સાથે સ્પેર વ્હિલ તથા બીજી મરામત માટેના સાધનો રાખવાના રહેશે. |
| ૧૨. | વાહન અધિકારીની સૂચના મુજબ કચેરીના માણસો તથા જરૂરી માલ-સામાન લાવવા લઈ જવા દેવા માટે ઉપયોગમાં લેવામાં આવશે તથા માલ-સામાન વહન કરવા માટે વાહનના ઉપરના ભાગે કેરીયરની વ્યવસ્થા કરવાની રહેશે. જો વાહનના ઉપરના ભાગે કેરીયરની વ્યવસ્થા ના હોય તો આ વર્ક ઓર્ડર મળેથી દિવસ-૧૫માં જ લગાવવાના રહેશે. જેની જવાબદારી ઠેકેદારની પોતાની રહેશે.<br>**જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમના જરૂરી યુઝર નેમ/પાસવર્ડ ઉપયોગકર્તાને ટ્રેકીંગ માટે આપવાના રહેશે.** |
| ૧૩. | ઠેકેદારે તેનું ગાડીભાડાનું પાકું બિલ (પાન, જીએસટી નંબર સાથે) દર મહિનાની તારીખ ૧૦ પહેલા જરૂરી લોગબુકની અસલ કોપી સાઇન કરાવેલ/પરિપૂર્ણ કરાવી, પ્રાઇસ વેરિયેશન |

| | |
|---|---|
| | ગણતરી પત્રક, અસલ ટોલ ટેક્સ રિસિપ્ટ સાથે (જો હોય તો) જીએસટી ભરેલ પાવતી/રિટર્ન ની કોપી માસિક બિલ સાથે કચેરીના હિસાબી અધિકારીને આપવાનું રહેશે. જેનું ચુકવણું બિલ મળ્યા પછીથી દિન–૧૫માં ક્રોસ ચેક/એનઇએફટી/આરટીજીએસ થી કરવામાં આવશે. |
| ૧૪. | ડીઝલ/સીએનજી ગેસ પુરો થયેથી/ઇલેક્ટ્રિક વાહનનું ચાર્જીંગ પુરૂ થયેથી તેમજ ટાયર / આકસ્મિક મરામત / સર્વિસીસ અકસ્માત કે અન્ય કારણસર આપનું વાહન રોકાયેલું રહેશે તો તેની અવેજીમાં બીજી ગાડીની વ્યવસ્થા ઠેકેદારે તત્કાલ કરવાની રહેશે. ઠેકેદાર દ્વારા બીજી ગાડીની વ્યવસ્થા નિયત સમય ન થઇ શકે તો પ્રાઇવેટ કેબ/રિક્ષા ભાડું અન્ય ટ્રાન્સપોર્ટ દ્વારા અધિકારી/કર્મચારી એ કરેલ મુસાફરી ભાડાના રિએમ્બર્સમેન્ટ ઠેકેદારે કરવાનું રહેશે. |
| ૧૮. | માસના અંતે વધારાના કિ.મી. કે વધારાના કલાક બે માંથી જેની રકમ વધુ હશે તે રકમ વધારાની રકમ તરીકે કલેઇમ કરી શકશે. |
| ૧૯. | વાહન પૂરા પાડવાના સમયગાળા દરમ્યાન ડીઝલ/સીએનજી/ઇલેક્ટ્રિક ના ભાવમાં વધારો/ઘટાડો થશે તો નીચેની બતાવેલ ફોર્મ્યુલા મુજબ કિંમતમાં વધારો/ઘટાડો મંજૂર કરવામાં આવશે.<br><br>**<u>પ્રાઇસ વેરિયેશન – ડિઝલ</u>**<br><br>ડિઝલના ભાવમાં દર ૧૦ પૈસા પ્રતિ લિટરના ભાવ વધારા/ઘટાડા સામે એક પૈસા પ્રતિ કિ.મી ની કિંમતનો વધારો/ઘટાડો જે તે સમયગાળા દરમ્યાન વાસ્તવિક ટ્રાવેલ કરેલા કિ.મી પર લાગુ પડશે ડિઝલની કિંમતમાં ૧૦ પૈસાથી ઓછો વધારો/ઘટાડો ધ્યાને લેવામાં આવશે નહિં.<br><br>**<u>ડિઝલના પાયાના ભાવ રૂ. ૯૦/- પ્રતિ લિટર રહેશે. (Date 06/12/2021)</u>**<br><br>ડિઝલના ભાવમાં થયેલ વધારો/ઘટાડો જ ગણત્રીમાં લેવામાં આવશે. ઓઇલ, ટાયર, ટ્યૂબ કે અન્ય કોઇ ચીજ વસ્તુ, સેવામાં થયેલ ભાવ વધારો/ઘટાડો ગણત્રીમાં લેવામાં આવશે નહિં. ડીઝલના ભાવો વધે/ઘટે તેવા કિસ્સામાં ઠેકેદારે સરકારી ઓઇલ કંપનીના અમદાવાદ/ગાંધીનગર ખાતેના ડીઝલના ભાવ અને તે અમલી થયા તારીખ દર્શાવતું સહિં-સિકકાવાળું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.<br><br>**<u>પ્રાઇસ વેરિયેશન – સીએનજી</u>**<br><br>સીએનજીના ભાવમાં દર 0.03 પૈસા પ્રતિ કિલો ના ભાવ વધારા/ઘટાડા સામે એક પૈસા પ્રતિ કિ.મી ની કિંમતનો વધારો/ઘટાડો જે તે સમયગાળા દરમ્યાન વાસ્તવિક ટ્રાવેલ કરેલા કિ.મી પર લાગુ પડશે સીએનજીની કિંમતમાં 0.03 પૈસાથી ઓછો વધારો/ઘટાડો ધ્યાને લેવામાં આવશે નહિં. |

**સીએનજીના પાયાના ભાવ રૂ.૬૬/- પ્રતિ કિલો રહેશે. (Dated 06/12/2021)**

સીએનજીના ભાવમાં થયેલ વધારો/ઘટાડો જ ગણત્રીમાં લેવામાં આવશે. ઓઇલ, ટાયર, ટ્યૂબ કે અન્ય કોઇ ચીજ વસ્તુ, સેવામાં થયેલ ભાવ વધારો/ઘટાડો ગણત્રીમાં લેવામાં આવશે નહિં. સીએનજીના ભાવો વધે/ઘટે તેવા કિસ્સામાં ઠેકેદારે સરકારી ઓઇલ કંપનીના અમદાવાદ/ગાંધીનગર ખાતેના સીએનજીના ભાવ અને તે અમલી થયા તારીખ દર્શાવતું સહિં-સિકકાવાળું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.

**પ્રાઇસ વેરિયેશન – ઇલેક્ટ્રિક વાહન**

ઇલેક્ટ્રિક વાહન ચાર્જીંગ ના હાલના ભાવ નીચે મુજબ દર્શાવેલ છે

| વિગત | ટોરેન્ટ પાવર લી-અમદાવાદ-ગાંધીનગર | યુજીવીસીએલ અમદાવાદ-ગાંધીનગર |
|---|---|---|
| ફિક્સ ચાર્જ માસિક પ્રતિ ઇન્સ્ટોલેશન | રૂ.૨૫/- પ્રતિ માસ | રૂ.૨૫/- પ્રતિ માસ |
| એનર્જી ચાર્જ પ્રતિ યુનિટ | રૂ.૪.૦૦ પ્રતિ યુનિટ | રૂ.૪.૧૦ પ્રતિ યુનિટ |
| FPPPA ચાર્જ પ્રતિ યુનિટ | રૂ.૨.૧૧ પ્રતિ યુનિટ | રૂ.૨.૦૦ પ્રતિ યુનિટ |
| ઇલેકટ્રીસીટી ડ્યુટી | ગુજરાત સરકાર દ્વારા તા:૦૧/૦૭/૨૦૨૧ થી ઇલેકટ્રિકલ વ્હિકલમાં મુક્તિ આપેલ છે | |

ઇલેક્ટ્રિક વાહન Unit ચાર્જીંગના ભાવમાં થયેલ વધારો/ઘટાડો જ ગણત્રીમાં લેવામાં આવશે. ઓઇલ, ટાયર, ટ્યૂબ કે અન્ય કોઇ ચીજ વસ્તુ, સેવામાં થયેલ ભાવ વધારો/ઘટાડો ગણત્રીમાં લેવામાં આવશે નહિં. ચાર્જીંગ સ્ટેશન બનાવવાની તથા વ્હિકલ ચાર્જિંગ કરાવાની જવાબદારી જે તે ઠેકેદારની રહેશે, ભવિષ્યમાં ઉપર મુજબના કોષ્ટક પત્રકમાં ફેરફાર થયેથી ભાવ વધારા માટે લેટેસ્ટ ઇલેકટ્રીસીટી બિલ રજુ કરેથી ધ્યાનમાં લેવામાં આવશે અને તે અમલી થયા તારીખ દર્શાવતું ઠેકેદારના સહિં-સિકકાવાળું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.

**લાગુ પડતા સરકારી કર** : દરેક બિલ ઉપર GST નોંધણી નંબર, PAN નંબર ફરજિયાત દર્શાવવાનો રહેશે, ઉપરાંત બિલ સાથે તમો ઠેકેદાર દ્વારા બિલ વાઇઝ ભરેલ જીએસટી ચલન પત્રક સાથે રજુ કરવાનું રહેશે.

**સ્ટેટ્યુટરી કપાત ::** TDS - આવકવેરા અધિનિયમ હેઠળ વખતો-વખત લાગુ દર મુજબ કાપવામાં આવશે

**અન્ય :** વિવિધ માપદંડો, શ્રમ કાયદાઓ, કાયદાઓ વગેરે અનુસાર તમામ સંબંધિત ફોર્મ, રજિસ્ટર અથવા રેકોર્ડ જાળવવા ની સઘળી જવાબદારી ઠેકેદાર/કોન્ટ્રાક્ટરની રહેશે

| | |
|---|---|
| ૨૦. | ઠેકેદારને તેમનું બિલ માઇલો મીટર મુજબનાં કી.મી.ના આંક પ્રમાણે ચુકવવામાં આવશે, જો માઇલો મીટર બંધ હશે અથવા આયોગ્ય રીતે ફરતું જણાશે તો તે માટે કી.મી.ના યોગ્ય ગણતરી કરવાની સત્તા નિયામક(વહીવટ અને હિસાબ)શ્રી ને રહેશે અને તે સંજોગોમાં ઠેકેદારને વિવાદ કરવાનો કોઇ અધિકાર રહેશે નહિં. |
| ૨૧. | **<u>દંડનીય નિયમો</u> ::** વાહન જે દિવસે કામ પર ન આવે અથવા અવેજીમાં બીજું વાહન પુરૂ ન પાડવામાં આવે તો રૂ.૨૫૦૦/- પ્રતિ દિવસ લેખે કાપી લેવામાં આવશે. જીઇઆરસીને બીજું વાહન ભાડે રાખવા માટે જે ખર્ચ કરવો પડશે તે રૂ.૨૫૦૦/- ઉપરાંત બિલમાંથી વસૂલ કરવામાં આવશે. આવા દિવસો ના કિ.મી. મહત્તમ મર્યાદા માંથી મજરે આપવામાં આવશે નહીં તથા જો વાહન સતત સાત દિવસ સુધી ગેરહાજર રહેશે અને કોન્ટ્રાક્ટર/ઠેકેદાર દ્વારા અન્ય વાહન ઉપલબ્ધ નહીં થાય તો આપનો ઓર્ડર કોઇપણ જાતની જાણ કર્યા સિવાય રદ કરી શકાશે અને તે સંજોગોમાં સિક્યુરિટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.<br><br>ઠેકેદારે ભાડા પર વાતાનુકૂલિત વાહન પૂરૂ પાડવાનું રહેશે. વાતાનુકૂલિત વ્યવસ્થા બંધ હાલત માં આવશે તે દિવસ તે માટેના રૂ.૧૨૫૦/- પ્રતિ દિવસ કપાત કરવામાં આવશે. આવી કપાત મીનીમમ એક દિવસની રહેશે અને આવી કપાત પૂર્ણ દિવસો ના ગુણાંકમાં જ રહેશે.<br><br>કચેરીના જવાબદાર અધિકારીને જો ઠેકેદારની સેવા નિશ્ચિત ધોરણ અનુસાર ની પ્રાપ્ત થતી ન લાગે તો જે તે દિવસની સપ્રમાણ ચુકવણી દરના બે ટકાની કપાત પ્રથમ તબક્કે કરાવાની રહેશે તે માટે એજન્સી ને જાણ કરાશે, જો સેવા ખામી વિશેષ દેખાય તો બે ટકા લેખે કપાત દરરોજ વધારતા જવાની રહેશે. જરૂર જણાયે કચેરી દ્વારા ૩ માસની નોટિસ આપી કરાર રદ કરી શકાશે.<br><br>ઠેકેદાર અન્ય જગ્યાએથી બ્લેક લિસ્ટ થયેલ હોય અથવા તેના દ્વારા આપવામાં આવેલ અન્ય જગ્યાએથી સેવાઓ સંતોષકારક હોવા અંગેનું પ્રમાણપત્ર ટેન્ડર ડોક્યુમેન્ટમાં રજૂ કરેલ નહીં હોય અથવા તેની સાથે સામેલ કરેલ નહીં હોય તો તે ટેન્ડર અધુરૂં છે એમ માની ને તે ટેન્ડર ગણતરીમાં લેવામાં આવશે નહીં અને તે ટેન્ડર રદ ગણવામાં આવશે તેની નોંધ ઠેકેદાર દ્વારા લેવાની રહેશે. |
| ૨૨. | ઠેકેદાર કે તેના કર્મચારી દ્વારા તેની અણ-આવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઇપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કચેરીની મિલકત કે કોઇપણ સાધન સામગ્રી ને, સેવાને કોઇપણ રેકર્ડ કે અધિકારી/કર્મચારીઓની વસ્તુને, થયેલ નુકશાન કે અન્ય કોઇપણ પ્રકારનું નુકશાન ભરપાઇ કરવા બંધાયેલ છે. |
| ૨૩. | કચેરી દ્વારા કરવામાં આવેલ નોટોરીયલ કરાર ની સમય મર્યાદા/કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરની મિલકતને કોઈપણ નુકસાન અથવા તેના દ્વારા રોકવામાં કોઈપણ એજન્ટ અથવા |

| | |
|---|---|
| | ડ્રાઇવર અથવા તેના નોકરોને કોઈ ઈજા કે મૃત્યુ માટે અત્રેની કચેરી ની કોઇ જ જવાબદારી રહેશે નહીં. |
| ૨૪. | આ કરાર બિન-તબદીલી પાત્ર છે. ઠેકેદાર પેટા ઠેકેદારને રોકી શકશે નહીં. ઠેકેદાર અન્ય કોઇપણ પેટા ઠેકેદારને આ કામ તબદીલ કરી શકશે નહી અથવા આ કરારની અન્ય કોઇ બાબત અન્ય ઠેકેદારને તબદીલ કરી શકશે નહીં. |
| ૨૫. | જો ઠેકેદાર કરાર ચાલુ રાખવા ઇચ્છતા ન હોય તો તેણે ૩ માસની નોટિસ આપવી પડશે અને તે પરિસ્થિતિમાં ઠેકેદાર દ્વારા ભરવામાં આવેલ સિક્યુરિટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. |
| ૨૬. | ઠેકેદાર ના વ્હીકલને કોઇપણ જાતનો અકસ્માત થશે તો તેને લગતા તમામ વળતરની સઘળી જવાબદારી વાહન ધરાવનાર ઠેકેદારની રહેશે. |
| ૨૭. | ઉપરોક્ત શરતો અંગે જો કોઇ વાંધો અગર મતભેદ ઉભો થશે તો તે અંગેનો નિર્ણય લેવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીની રહેશે. આ બાબતમાં કોઇપણ જાતની કાનૂની ગૂંચ કે વિવાદ અંગે જીઈઆરસીની હકૂમત માન્ય ગણાશે. |
| ૨૮. | **<u>ડેઇલી લોગબુક અપડેટ :</u>** કચેરી દ્વારા નિયત કરેલ ફોર્મેટમાં જ વાહન દીઠ રોજે-રોજની, દરેક મહિના પ્રમાણે લોગબુક માં કુલ દર્શાવેલ કિલોમીટર ની જાળવણી કરવાની સઘળી જવાબદારી જે તે ઠેકેદારની રહેશે.<br><br>કચેરી દ્વારા કરવામાં આવેલ કરાર હેઠળ ભાડે થી ચાલતા તમામ વાહનો ના સંદર્ભમાં કોઈપણ પ્રવાસ પૂર્ણ થાય અને વપરાશકર્તા તેમજ ડ્રાઈવર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવે કે તરત જ તમામ વિગતો યોગ્ય રીતે ભરેલી/પૂર્ણ કરવી આવશ્યક છે. લોગ-બુક યોગ્ય રીતે પૂર્ણ અને સહી થયેલ છે તેની ખાતરી કરવાની જવાબદારી ઠેકેદારની રહેશે.<br><br>મહિનાની સમાપ્તિ પર, ઠેકેદાર દ્વારા તમામ ભાડે આપેલા વાહનની લોગ શીટની અસલ નકલ, અસલ બિલ, IOC/HPCL/Adani અથવા અન્ય અધિકૃત પંપ દ્વારા ડીઝલ અથવા સીએનજી નું ડેઇલી પ્રાઇસ વેરિએશનની શીટ બિલ સાથે રજૂ કરવાની રહેશે, ઠેકેદાર દ્વારા રજૂ કરેલ અધુરા બિલ પરત કરવામાં આવશે. |
| ૨૯. | અધિકૃત અધિકારીની સુચના અનુસાર કાચા કે પાકા રસ્તા ઉપર વાહન ચલાવવાની તથા લઇ જવાની રહેશે. આ કચેરી સિવાય બહારની જગ્યાએ પણ નિયુક્ત કરેલ અધિકારીની સુચના મુજબ જવાનું રહેશે. <u>કચેરી દ્વારા નક્કી કરેલ ઠેકેદારને સમયાંત્તરે આપવામાં આપેલ રૂટ ચાર્ટ પ્રમાણે જ નક્કી કરેલ નિયમ પ્રમાણે ડ્રાઇવર દ્વારા ગાડી હંકારવાની રહેશે. આ બાબતે કોઇ</u> |

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

| | |
|---|---|
| | ફેરફાર કરવાનો થાય તો ઠેકેદારે કચેરીના નિયામક (વહીવટ અને હિસાબ)ને લેખિત જાણ કરવાની રહેશે. સૂચિત કરાર સંબંધિત તમામ વિવાદો ગાંધીનગર અધિકારક્ષેત્ર ને આધીન રહેશે |
| ૩૦. | ડ્રાઇવરની કામગીરી અંગે અસંતોષ અથવા કોઇપણ જાતની ફરિયાદના અનુસંધાનમાં અધિકારીશ્રીની સૂચના મળ્યેથી ડ્રાઇવર તાત્કાલિક બદલવાની વ્યવસ્થા ઠેકેદારે કરવાની રહેશે અને ડ્રાઇવર ફેરબદલ કર્યા અંગેની જાણ તેમજ ડ્રાઇવરની જરૂરી વિગતો સાથે વહીવટી શાખાને તુરંત જણાવવાનું રહેશે. |
| ૩૧. | કચેરી અને વાહન હંકારનાર વચ્ચે નોકરી અને તેની આનુષાંગિક કોઇપણ બાબત જેવી કે માલિક અને ડ્રાઇવરના સંબંધ અથવા તો કોઇ પણ અન્ય કાયદાકીય જવાબદારી રહેશે નહીં. વાહન હંકારનાર દ્વારા તેઓની સેવા બાબતે કોઇપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમાં કચેરીને કોઇપણ સ્વરૂપમાં લેવાદેવા રહેશે નહીં. |
| ૩૨. | કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારીને જોતા સરકારશ્રી દ્વારા વખતો-વખત જાહેર કરવામાં આવતા સાવચેતીના પગલાં અનુરૂપ, પ્રત્યેક વાહનમાં સેનેટાઇઝરની બોટલની સુવિધા તેમજ હર એક અઠવાડિયે તથા જરૂર પડ્યે ત્યારે વાહનને અંદર-બહાર થી સેનેટાઇઝ કરાવવાની જવાબદારી ઠેકેદારની રહેશે. |
| ૩૨. | ઉપરોક્ત કોન્ટ્રાકટ માટેની સમય મર્યાદા બે વર્ષની રહેશે. ઠેકેદાર/એજન્સી ની સેવાઓ સંતોષકારક લાગ્યે આયોગ વધુ એક વર્ષ કામગીરીની મુદત વધારી શકશે. નકકી કરેલ ટેન્ડરના અન્ય નિયમો અને શરતો આ ઓર્ડરને લાગુ પડે છે. |

**Sd/-**
**નિયામક (વહીવટ અને હિસાબ)**
**જીઇઆરસી, ગાંધીનગર**

મારે અમલ સર્વ

ઠેકેદાર નું નામ : ____________________

પુરૂં સરનામું : ____________________

____________________

સંપર્ક :(મોબાઇલ)__________(ઓફિસ) __________(ઘર) __________

ઇ મેઇલ : ____________________